પેજ 3

98મો ઓસ્કાર: 'વન બેટલ આફ્ટર અનધર'નો દબદબો

6 એવોર્ડ્સ જીત્યા ઓટમ ડ્યુરાલ્ડ આર્કાપાવ શ્રેષ્ઠ સિનેમાટોગ્રાફરનો ઓસ્કાર જીતનાર પ્રથમ મહિલા અને પ્રથમ અશ્વેત વ્યક્તિ બની વોર્નર બ્રધર્સ સ્ટુડિયોની બે ફિલ્મો, 'વન બેટલ આફ્ટર અનધર' અને 'સિનર્સ'એ મળીને કુલ 11 ઓસ્કાર જીતી ઈતિહાસ રચ્યો દાયકાઓથી ફિલ્મો બનાવી રહેલા દિગ્ગજ પોલ થોમસ એન્ડરસને જીત્યો પોતાનો પ્રથમ ઓસ્કાર

75 વર્ષીય અભિનેત્રી એમી મેડિગનને પણ પ્રથમ ઓસ્કાર મળ્યો શોના સંચાલક કોનન ઓ'બ્રાયને ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધનો ઉલ્લેખ કર્યો

98માં એકેડેમી એવોર્ડ્સ: મુખ્ય વિજેતાઓની યાદી

1. શ્રેષ્ઠ ફિલ્મ: વન બેટલ આફ્ટર અનધર (One Battle After Another)
2. શ્રેષ્ઠ દિગ્દર્શક: પોલ થોમસ એન્ડરસન (ફિલ્મ: વન બેટલ આફ્ટર અનધર)
3. શ્રેષ્ઠ અભિનેતા: માઈકલ બી જોર્ડન (ફિલ્મ: સિનર્સ)
4. શ્રેષ્ઠ અભિનેત્રી: જેસી બકલી (ફિલ્મ: હેમનેટ)
5. શ્રેષ્ઠ સહાયક અભિનેતા: સીન પેન (ફિલ્મ: વન બેટલ આફ્ટર અનધર)
6. શ્રેષ્ઠ સહાયક અભિનેત્રી: એમી મેડિગન (ફિલ્મ: વેપન્સ)
7. શ્રેષ્ઠ સિનેમેટોગ્રાફી: ઓટમ ડ્યુરાલ્ડ આર્કાપાવ (ફિલ્મ: સિનર્સ)
8. શ્રેષ્ઠ એનિમેટેડ ફીચર ફિલ્મ: કે પોપ ડેમન હન્ટર્સ
9. શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ફીચર ફિલ્મ: સેન્ટિમેન્ટલ વેલ્યુ (નોર્વે)
10. શ્રેષ્ઠ ડોક્યુમેન્ટ્રી ફીચર: મિસ્ટર નોબડી અગેન્સ્ટ પુતિન
11. શ્રેષ્ઠ એડેપ્ટેડ સ્ક્રીનપ્લે: પોલ થોમસ એન્ડરસન (ફિલ્મ: વન બેટલ આફ્ટર અનધર)
12. શ્રેષ્ઠ ઓરિજિનલ સોન્ગ: 'ગોલ્ડન' (ફિલ્મ: કે પોપ ડેમન હન્ટર્સ)
13. શ્રેષ્ઠ કાસ્ટિંગ: વન બેટલ આફ્ટર અનધર – ઓસ્કારના ઇતિહાસમાં આ કેટેગરીમાં અપાયેલો આ પ્રથમ એવોર્ડ છે.
14. શ્રેષ્ઠ લાઈવ એક્શન શોર્ટ ફિલ્મ: આ કેટેગરીમાં બે ફિલ્મો વચ્ચે 'ટાઈ' થઈ હતી. 'ધ સિંગર્સ' - દિગ્દર્શક: સેમ એ. ડેવિસ, 'ટુ પીપલ એક્સચેન્જિંગ સલાઈવા' - દિગ્દર્શક: એલેક્ઝાન્ડ્રે સિંઘ અને નતાલી મુસ્ટેટા.

ઓસ્કારના 98 વર્ષના ઈતિહાસમાં આ માત્ર સાતમી વખત છે જ્યારે કોઈ કેટેગરીમાં બે વિજેતાઓ વચ્ચે ટાઈ થઈ હોય.

લોસ એન્જલેસ, તા. 16 (એપી): હોલીવુડના સૌથી પ્રતિષ્ઠિત 98માં એકેડેમી એવોર્ડ્સમાં આ વર્ષે દિગ્દર્શક પોલ થોમસ એન્ડરસનની ફિલ્મ 'વન બેટલ આફ્ટર અનધર' છવાયેલી રહી હતી. અમેરિકન રાજકીય સંઘર્ષની બહુ-પેઢીની ગાથા દર્શાવતી આ ફિલ્મે 'શ્રેષ્ઠ ફિલ્મ'નો સર્વોચ્ચ ખિતાબ જીત્યો છે. દાયકાઓથી હોલીવુડના દિગ્ગજ ફિલ્મમેકર ગણાતા એન્ડરસન માટે આ એક ઐતિહાસિક ક્ષણ હતી, કારણ કે આ પહેલા તેઓ ક્યારેય ઓસ્કાર જીતી શક્યા ન હતા. આ ફિલ્મે શ્રેષ્ઠ દિગ્દર્શક સહિત કુલ 6 એવોર્ડ્સ પોતાના નામે કર્યા છે.

બીજી તરફ, રાયન કુગલરની વેમ્પાયર ડ્રામા ફિલ્મ 'સિનર્સ'એ પણ ઈતિહાસ રચ્યો હતો. આ ફિલ્મની સિનેમેટોગ્રાફર ઓટમ ડ્યુરાલ્ડ આર્કાપાવ ઓસ્કાર જીતનાર પ્રથમ મહિલા ડાયરેક્ટર ઓફ ફોટોગ્રાફી બની છે. સાથે જ, આ કેટેગરીમાં એવોર્ડ જીતનાર તે પ્રથમ અશ્વેત વ્યક્તિ પણ બની છે. 'સિનર્સ' માટે માઈકલ બી જોર્ડને શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ જીત્યો ત્યારે આખું ડોલ્બી થિયેટર તેના માનમાં ઉભું થઈ ગયું હતું. માઈકલ બી જોર્ડન અને દિગ્દર્શક રાયન કુગલરની જોડી માટે આ એક મોટી સફળતા છે, જેમણે 2013માં 'ફ્રુટવેલ સ્ટેશન'થી કારકિર્દી શરૂ કરી હતી.

નેટફ્લિક્સની એનિમેટેડ ફિલ્મ 'કે પોપ ડેમન હન્ટર્સ'એ પણ પોતાની લોકપ્રિયતા સાબિત કરતા બેસ્ટ એનિમેટેડ ફીચર અને બેસ્ટ સોન્ગ (ગોલ્ડન)નો એવોર્ડ જીત્યો હતો. આ ફિલ્મ 325 મિલિયનથી વધુ વ્યુઝ સાથે 2025ની સૌથી વધુ જોવાયેલી ફિલ્મ રહી છે. આ સિવાય, 75 વર્ષીય અભિનેત્રી એમી મેડિગને ફિલ્મ 'વેપન્સ' માટે બેસ્ટ સહાયક અભિનેત્રીનો એવોર્ડ જીત્યો હતો. 1986માં પ્રથમવાર નોમિનેટ થયાના 40 વર્ષ બાદ તેમને આ સફળતા મળી છે. જેસી બકલી ફિલ્મ 'હેમનેટ' માટે શ્રેષ્ઠ અભિનેત્રી બની હતી, જે આ કેટેગરીમાં એવોર્ડ જીતનારી પ્રથમ આઇરિશ કલાકાર છે.

આ વખતનો ઓસ્કાર સમારોહ રાજકીય રીતે પણ ચર્ચામાં રહ્યો હતો. કાર્યક્રમને હોસ્ટ કરી રહેલા કોનન ઓ'બ્રાયને વર્તમાન ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ અને ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધનો ઉલ્લેખ કર્યો હતો. રશિયન સ્કૂલ ટીચર પર બનેલી ફિલ્મ 'મિસ્ટર નોબડી અગેન્સ્ટ પુતિન'એ બેસ્ટ ડોક્યુમેન્ટ્રીનો એવોર્ડ જીત્યો હતો, જે યુદ્ધ અને દેશ ગુમાવવાના સંઘર્ષની વાત કરે છે.

ઓસ્કાર 2026: 'ઈન મેમોરિયમ' સેગમેન્ટમાં ધર્મેન્દ્રની અવગણનાથી ભારતીય ચાહકોમાં રોષ

નવી દિલ્હી, તા. 16: લોસ એન્જલસમાં યોજાયેલા 98માં એકેડેમી એવોર્ડ્સમાં કેટલાંક દિવંગત કલાકારોને શ્રદ્ધાંજલિ આપવા માટે અત્યાર સુધીનો સૌથી લાંબો 'ઈન મેમોરિયમ' સેગમેન્ટ યોજાયો હતો. જોકે, આ યાદીમાં બોલીવુડના સુપરસ્ટાર ધર્મેન્દ્રનું નામ ન હોવાથી ભારતીય સિનેપ્રેમીઓ ભારે નારાજ થયા છે. નવેમ્બર 2025માં 89 વર્ષની વયે અવસાન પામેલા ધર્મેન્દ્રએ દાયકાઓ સુધી સિનેમામાં અમૂલ્ય યોગદાન આપ્યું હોવા છતાં તેમની અવગણના કરવામાં આવી હોવાનું ચાહકો કહી રહ્યા છે. ભૂતકાળમાં ઈરફાન ખાન અને ઋષિ કપૂર જેવા ભારતીય કલાકારોને સ્થાન આપનાર ઓસ્કારની આ ભૂલ પર સોશિયલ મીડિયા પર આકરી પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. ચાહકોનું કહેવું છે કે ઓસ્કાર પોતાની જાતને 'આંતરરાષ્ટ્રીય' કહે છે, પરંતુ વાસ્તવમાં તે માત્ર એક હોલીવુડ શો બનીને રહી ગયો છે જ્યાં ભારતીય દિગ્ગજ આઈકોન્સને યોગ્ય સન્માન મળતું નથી.

ઓસ્કાર ૨૦૨૬માં પ્રિયંકાનો ઓલ્ડ હોલીવુડ લૂક, નિક જોનાસે પહેર્યો કલાવો

લોસ એન્જલસ, તા. 16: પ્રિયંકા ચોપરાએ 15 માર્ચ, 2026ના રોજ ડોલ્બી થિયેટર ખાતે યોજાયેલા 98મા એકેડેમી એવોર્ડ્સમાં તેની બહુપ્રતીક્ષિત રેડ કાર્પેટ પર એન્ટ્રી કરી હતી. અભિનેત્રી આ સમારોહમાં એવોર્ડ એનાયત કરવા માટે ઉપસ્થિત રહી છે. એવોર્ડ એનાયત કરનારા અન્ય સેલિબ્રિટીઓમાં વિલ આર્નેટ, રોબર્ટ ડાઉની જુનિયર, એન હેથવે, ગ્વિનેથ પાલ્ટ્રો અને પોલ મેસ્કલની સાથે એડ્રિયન બ્રોડી, મિકી મેડિસન, ઝો સાલ્ડાના, જેવિયર બાર્ડેમ, ક્રિસ ઇવાન્સ, ડેમી મૂર અને માયા રુડોલ્ફનો સમાવેશ થાય છે. અભિનેત્રી સફેદ રંગના સ્ટ્રેપલેસ ડાયો ડ્રેસમાં અદભુત દેખાતી હતી. તેમના ડ્રેસમાં ડ્રેપ્ડ ડિટેલિંગ, લેગ સ્લિટ અને ફેધર ટ્રિમ હતું. પ્રિયંકાએ શાનદાર ડાયમંડ નેકલેસ અને બ્લેક હીલ્સ સાથે એક્સેસરીઝ પહેરી હતી, જ્યારે નિક જોનાસે હાથમાં કલાવો પહેર્યો હતો.

'લંબી જુદાઈ' ફેમ અભિનેત્રી મધુ મલ્હોત્રાનું નિધન

મુંબઈ તા. 16 : 1980 અને 1990ના દાયકાની હિન્દી ફિલ્મોમાં યાદગાર સહાયક ભૂમિકાઓ માટે જાણીતા અભિનેત્રી મધુ મલ્હોત્રાનું 72 વર્ષની વયે નિધન થયું છે. જોકે, મધુ ક્યારેય મુખ્ય અભિનેત્રી તરીકે સફળતા મેળવી શક્યા ન હતા, તેમ છતાં ઘણી બ્લોકબસ્ટર ફિલ્મોમાં મહત્ત્વની ભૂમિકાઓ ભજવવા માટે તેમને આજે પણ યાદ કરવામાં આવે છે. તેમની સૌથી યાદગાર ભૂમિકા સુભાષ ઘઈની 1983ની હિટ એક્શન રોમાન્સ ફિલ્મ 'હીરો'માં જોવા મળી હતી, જેમાં તેમણે રેશમાના લોકપ્રિય ગીત 'લંબી જુદાઈ'માં બંજારનનું પાત્ર ભજવ્યું હતું. 'હીરો' ફિલ્મ જેકી શ્રોફ અને મીનાક્ષી શેષાદ્રી માટે સીમાચિહ્નરૂપ સાબિત થઈ હતી, પરંતુ મધુએ પોતાના ગ્રામીણ અવતાર દ્વારા આ ગીતમાં જે વેદના વ્યક્ત કરી હતી તેને ભૂલી શકાય તેમ નથી.

પુણેમાં રખડતા કૂતરાઓએ મહિલાને ફાડી ખાધી

પુણે, તા. ૧૬ (PTI): પુણે જિલ્લામાં સોમવારે વહેલી સવારે રખડતા કૂતરાઓના ટોળાએ એક ૩૩ વર્ષીય મહિલાને ફાડી ખાતાં તેનું મોત નીપજ્યું હતું. એમ પોલીસે જણાવ્યું હતું.

સીસીટીવી માં કેદ થયેલી આ ઘટના વહેલી સવારે લગભગ ૨ વાગ્યે બની હતી, જ્યારે શોભા વાઘમરે તરીકે ઓળખાતી મહિલા પુણે-નાસિક હાઈવેને અડીને આવેલા ચાકણ વિસ્તારમાં સર્વિસ રોડ પર પગપાળા ચાલી રહી હતી.

ચાકણ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, "મહિલા રોડ પર ચાલી રહી હતી ત્યારે રખડતા કૂતરાઓના ટોળાએ અચાનક તેના પર હુમલો કર્યો હતો. મોડી રાત હોવાને કારણે રોડ પર કોઈ હાજર નહોતું. કમનસીબે, તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું."

અધિકારીએ ઉમેર્યું હતું કે, અકસ્માતે મોતનો ગુનો નોંધવામાં આવ્યો છે.

એર ઇન્ડિયાની ન્યૂયોર્ક-દિલ્હી ફ્લાઇટનું આયર્લેન્ડમાં ઇમરજન્સી લેન્ડિંગ

નવી દિલ્હી, તા. 16 (PTI): સોમવારે સવારે ન્યૂયોર્કથી દિલ્હી જઈ રહેલા એર ઇન્ડિયાના એ350 એરક્રાફ્ટને શંકાસ્પદ ટેક્નિકલ ખામીને કારણે આયર્લેન્ડના શેનન ખાતે ડાયવર્ટ કરવામાં આવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વિમાનમાં લગભગ 300 લોકો સવાર હતા અને ડાયવર્ટ થઈને શેનન ઉતરાણ કર્યું તે પહેલાં વિમાન લગભગ છ કલાક સુધી હવામાં રહ્યું હતું.

એર ઇન્ડિયાના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''15 માર્ચના રોજ ન્યૂયોર્ક (જેએફકે)થી દિલ્હી જતી ફ્લાઇટ એઆઈ102ને શંકાસ્પદ ટેક્નિકલ સમસ્યાને પગલે સાવચેતીના ભાગરૂપે આયર્લેન્ડના શેનન ખાતે ડાયવર્ટ કરવામાં આવી હતી.''

પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે, વિમાન સ્થાનિક સમય અનુસાર 04:30 કલાકે શેનન એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઊતર્યું હતું અને તમામ મુસાફરો તથા ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે.

પ્રવક્તાએ ઉમેર્યું કે, ''સ્થાપિત સુરક્ષા પ્રોટોકોલ મુજબ હાલમાં એરક્રાફ્ટનું વિગતવાર ટેક્નિકલ નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.''

ફ્લાઇટ ટ્રેકિંગ વેબસાઇટ Flightradar24.com પર ઉપલબ્ધ માહિતી મુજબ, વિમાન ડાયવર્ટ થયા પહેલા લગભગ છ કલાક સુધી હવામાં રહ્યું હતું.

ગેસ સિલિન્ડર છોડો, PNG અપનાવો

નવી યોજના હેઠળ મફત ગેસ અને ડિપોઝિટમાં મોટી રાહત

નવી દિલ્હી, તા. 16 (PTI): એલપીજી (ગેસ સિલિન્ડર)ના પુરવઠા પરનું ભારણ ઘટાડવા માટે સરકારની યોજનાના ભાગરૂપે સિટી ગેસ વિતરણ કંપનીઓએ ગ્રાહકોને સિલિન્ડર છોડીને પાઇપ લાઇન દ્વારા મળતા ગેસ (પીએનજી) તરફ વાળવા માટે વિવિધ પ્રોત્સાહનો અને યોજનાઓ જાહેર કરી છે. પેટ્રોલિયમ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ સોમવારે આ માહિતી આપી હતી.

દિલ્હી અને તેની આસપાસના શહેરોમાં સીએનજી અને પાઇપ્ડ કૂકિંગ ગેસ (પીએનજી)નું વેચાણ કરતી કંપની ઈન્દ્રપ્રસ્થ ગેસ લિમિટેડ (આઈજીએલ) ઘરેલું ગ્રાહકોને જો તેઓ પીએનજી કનેક્શન લે અને 31 માર્ચ પહેલા તેનો ઉપયોગ શરૂ કરે તો રૂ. 500નો મફત ગેસ આપી રહી છે. જ્યારે મુંબઈની રિટેલર મહાનગર ગેસ લિમિટેડ દ્વારા ઘરેલું ગ્રાહકો માટે રૂ. 500નો રજિસ્ટ્રેશન ચાર્જ માફ કરવા અને કોમર્શિયલ વપરાશકર્તાઓ માટે રૂ. 1-5 લાખની સિક્યોરિટી ડિપોઝિટમાં રાહત જેવા પ્રોત્સાહનોની જાહેરાત કરવામાં આવી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય (એમઓપીએનજી)ના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ જણાવ્યું હતું કે, ગેઈલ અને બીપીસીએલ દ્વારા પણ આવા જ પ્રમોશનલ પગલાં લેવામાં આવ્યા છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, "વર્તમાન પરિસ્થિતિ ચિંતાજનક છે, પરંતુ અમારા ઘરેલું એલપીજી ગ્રાહકોની તમામ જરૂરિયાતો પૂરી કરવા માટે એલપીજીનો પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે. કોઈ પણ એલપીજી ડિસ્ટ્રિબ્યુટર પાસે સ્ટોક ખાલી થયો હોવાના અહેવાલ નથી."

એલપીજી રિફિલ બુકિંગ 13 માર્ચના રોજ 88.8 લાખની ટોચ પર અને શનિવારે આશરે 77 લાખથી ઘટીને 15 માર્ચના રોજ 50-55 લાખ (યુદ્ધ પૂર્વેના સ્તર) પર આવી ગયું છે. જોકે, આ કાયમી ઘટાડો છે કે માત્ર 15 માર્ચ રવિવાર હોવાને કારણે આવેલો ઘટાડો છે તે જોવાનું બાકી છે.

કાન્યે વેસ્ટનો ભારતનો પ્રથમ કોન્સર્ટ ૨ મહિના માટે પાછો ઠેલાયો

નવી દિલ્હી, તા. 16: રેપર કાન્યે વેસ્ટ, જેઓ 'યે' તરીકે પણ ઓળખાય છે, તેમના ચાહકોએ ભારતમાં તેમના પ્રથમ લાઈવ પર્ફોર્મન્સ જોવા માટે હજુ થોડી વધુ રાહ જોવી પડશે. તેઓ ૨૯ માર્ચના રોજ દિલ્હીમાં પોતાના બહુપ્રતિક્ષિત ભારતીય ડેબ્યુ માટે તૈયાર હતા, પરંતુ આયોજકોના તાજેતરના અપડેટ મુજબ, ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ અને પ્રાદેશિક તણાવના કારણે આ કોન્સર્ટ લગભગ ૨ મહિના માટે પાછો ઠેલવામાં આવ્યો છે. આ જાહેરાત સોમવારે વ્હાઇટફોક્સ, પ્લશ એન્ટરટેઇનમેન્ટ અને વિઝક્રાફ્ટના સત્તાવાર ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ દ્વારા કરવામાં આવી હતી. તેમાં જણાવવામાં આવ્યું છે કે, કોન્સર્ટની નવી તારીખ હવે ૨૩ મે છે. નિવેદનમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે અગાઉની તમામ ટિકિટો માન્ય રહેશે.

સલમાન ખાનની ફિલ્મનું નામ બદલાયું: હવે 'બેટલ ઓફ ગલવાન' નહીં, 'માતૃભૂમિ'

નવી દિલ્હી, તા. 16 (PTI): બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાને સોમવારે જણાવ્યું હતું કે, તેની આગામી ફિલ્મ 'બેટલ ઓફ ગલવાન'નું નામ બદલીને 'માતૃભૂમિ' કરવામાં આવ્યું છે. આ બહુપ્રતીક્ષિત ફિલ્મ ભારત અને ચીન વચ્ચે 2020ના ગલવાન ઘાટીના સંઘર્ષ પર આધારિત છે અને તેનું નિર્દેશન 'શૂટઆઉટ એટ લોખંડવાલા' ફેમ અપૂર્વ લાખિયા દ્વારા કરવામાં આવ્યું છે. અભિનેતાએ ફિલ્મના અચાનક નામ બદલવા પાછળનું કોઈ કારણ જણાવ્યું નથી. આ ફિલ્મમાં હવે 'મે વોર રેસ્ટ ઇન પીસ' (યુદ્ધને શાંતિ મળે) ટેગલાઇન પણ જોડવામાં આવી છે. નવું શીર્ષક સંભવિતપણે ફિલ્મના પ્રથમ ગીત 'માતૃભૂમિ' પરથી પ્રેરિત છે, જે અરિજીત સિંઘે ગાયું છે. નવા શીર્ષક સાથેના ફિલ્મના પોસ્ટરના કેપ્શનમાં સલમાને લખ્યું, ''મે વોર રેસ્ટ ઇન પીસ. માતૃભૂમિ.''

ચીનમાં રોબોટની 'ધરપકડ'!

વૃદ્ધ મહિલા ડરી જતાં પોલીસે રોબોટને કસ્ટડીમાં લીધો

વિશ્વમાં પહેલીવાર રોબોટની ધરપકડ? વાયરલ વીડિયોએ સોશિયલ મીડિયા પર મીમ્સનું પૂર લાવ્યું

બીજિંગ, તા. 16: ચીનના મકાઉમાં સાયન્સ ફીક્શન જેવી એક વિચિત્ર ઘટના બની છે, જ્યાં પોલીસે એક હ્યુમનોઇડ રોબોટની 'ધરપકડ' કરી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. હકીકતમાં, રાત્રે 9.00 વાગ્યે એક 70 વર્ષીય વૃદ્ધ મહિલા રસ્તા પર ફોન જોઈ રહ્યાં હતાં, ત્યારે આ 'યુનિટ્રી જી1' રોબોટ તેમની પાછળ આવીને ઉભો રહી ગયો. જ્યારે મહિલાએ પાછળ ફરીને રોબોટને જોયો, ત્યારે તેઓ ડરી ગયા અને બૂમો પાડવા લાગ્યા. ભયને કારણે મહિલાની તબિયત બગડતા તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

વાયરલ થયેલા વીડિયોમાં બે પોલીસે એક હ્યુમનોઇડ રોબોટની 'ધરપકડ' કરી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. હકીકતમાં, રાત્રે 9.00 વાગ્યે એક 70 વર્ષીય વૃદ્ધ મહિલા રસ્તા પર ફોન જોઈ રહ્યાં હતાં, ત્યારે આ 'યુનિટ્રી જી1' રોબોટ તેમની પાછળ આવીને ઉભો રહી ગયો. જ્યારે મહિલાએ પાછળ ફરીને રોબોટને જોયો, ત્યારે તેઓ ડરી ગયા અને બૂમો પાડવા લાગ્યા. ભયને કારણે મહિલાની તબિયત બગડતા તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા.

વાયરલ થયેલા વીડિયોમાં બે પોલીસ અધિકારીઓ આ રોબોટને ખભાથી પકડીને રસ્તા પર લઈ જતા જોવા મળે છે. સોશિયલ મીડિયા પર આ વીડિયો 'ઈતિહાસની પ્રથમ રોબોટ ધરપકડ' તરીકે વાયરલ થયો છે અને તેના પર રમુજી મીમ્સ બની રહ્યા છે. જોકે, પોલીસે સ્પષ્ટતા કરી છે કે આ કોઈ સત્તાવાર ધરપકડ ન હતી, પરંતુ સાવચેતીના ભાગરૂપે રોબોટને ત્યાંથી હટાવવામાં આવ્યો હતો. આ રોબોટ નજીકના એજ્યુકેશન સેન્ટરનો હતો અને તેના ઓપરેટરે આ ઘટના બદલ માફી માગી છે.

ચાંદીમાં 9,000 જ્યારે સોનામાં 2,950 રૂપિયાનો ઘટાડો

આંતરરાષ્ટ્રીય બજારમાં પણ સોનાનો ભાવ ઘટીને પ્રતિ ઔંસ 5,000 ડોલરની નીચે અને ચાંદી 80 ડોલરની નીચે ટ્રેડ થઈ રહી હતી

ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાને પગલે રોકાણકારો અમેરિકી ડોલર અને બોન્ડ્સ તરફ વળ્યા

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): દેશની રાજધાની દિલ્હીમાં સોમવારે સોના અને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા મુજબ, ચાંદીના ભાવમાં પ્રતિ કિલો 9,000 રૂપિયાનો જંગી કડાકો બોલાતા તે 2.56 લાખ રૂપિયાના સ્તરે પહોંચી છે. જ્યારે સોનાના ભાવમાં પ્રતિ 10 ગ્રામ રૂ. 2,950નો ઘટાડો થતા નવી કિંમત 1.60 લાખ રૂપિયા થઈ છે.

સોનામાં સતત ત્રીજા દિવસે ઘટાડો નોંધાયો છે. વૈશ્વિક બજારમાં નબળા વલણ અને મજબૂત અમેરિકી ડોલરને કારણે કિંમતી ધાતુઓના ભાવ પર દબાણ વધ્યું છે.

બજારના વિશ્લેષકોના મતે, પશ્ચિમ એશિયામાં ભૌગોલિક રાજકીય તણાવ (ખાસ કરીને અમેરિકા-ઈરાન સંઘર્ષ)ને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો આવ્યો છે. આ સ્થિતિમાં રોકાણકારો સોના-ચાંદીમાંથી નાણાં પાછા ખેંચીને અમેરિકી ડોલર અને બોન્ડ્સ તરફ વળ્યા છે, જેને 'સેફ હેવન' રોકાણ માનવામાં આવે છે. એચડીએફસી સિક્યોરિટીઝના નિષ્ણાતો માને છે કે ઊર્જાના વધતા ભાવને કારણે ફુગાવો વધવાની શક્યતા છે, જેના પગલે કેન્દ્રીય બેંકો વ્યાજ દરમાં ફેરફાર કરવાનું ટાળી શકે છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં પણ સોનાનો ભાવ 20.94 ડોલર ઘટીને પ્રતિ ઔંસ 5,000 ડોલરની નીચે અને ચાંદી પ્રતિ ઔંસ 80 ડોલરની નીચે ટ્રેડ થઈ રહી હતી. નાણાકીય વર્ષના અંત પહેલા રોકાણકારો પ્રોફિટ બુકિંગ કરી રહ્યા હોવાથી બજારમાં નરમાશ જોવા મળી રહી છે. આગામી સમયમાં અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિ અને અમેરિકા-ઈરાન વચ્ચેના તણાવની સ્થિતિ બજારની દિશા નક્કી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

જથ્થાબંધ ફુગાવો વધીને 2.13 ટકા

સતત ચોથા મહિને ફુગાવામાં ઉછાળો; કઠોળ અને બટાકાના ભાવ વધ્યા પણ શાકભાજીમાં રાહત

જો ક્રૂડના ભાવોમાં વધારો ચાલુ રહેશે તો જથ્થાબંધ ફુગાવો ઝડપથી વધવાની નિષ્ણાતોની ચેતવણી

નવી દિલ્હી, તા. 16: દેશમાં જથ્થાબંધ ફુગાવો ફેબ્રુઆરીમાં વધીને 2.13 ટકા થયો હતો. આ વધારાનું કારણ ખાદ્ય અને બિન-ખાદ્ય ઉત્પાદનોના ભાવમાં વધારો છે. જથ્થાબંધ ફુગાવો જાન્યુઆરીમાં 1.81 ટકા અને ગયા વર્ષના સમાન મહિનામાં 2.45 ટકા હતો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ફેબ્રુઆરી 2026માં સકારાત્મક ફુગાવો ઉત્પાદન, મૂળભૂત ધાતુઓના ઉત્પાદન, બિન-ખાદ્ય ઉત્પાદનો, ખાદ્ય ઉત્પાદનો અને કાપડના ભાવમાં વધારાને કારણે છે.

આંકડાઓ મુજબ ખાદ્ય ચીજવસ્તુઓમાં જથ્થાબંધ ફુગાવો ફેબ્રુઆરીમાં 2.19 ટકા હતો, જે અગાઉના મહિનામાં 1.55 ટકા હતો. શાકભાજીનો ફુગાવો જાન્યુઆરીમાં 6.78 ટકાથી ઘટીને ફેબ્રુઆરીમાં 4.73 ટકા થયો છે.

જોકે, કઠોળ, બટાકા, ઈંડા, માંસ અને માછલીના જથ્થાબંધ ફુગાવાના દરમાં અગાઉના મહિનાની તુલનામાં ફેબ્રુઆરીમાં વધારો જોવા મળ્યો હતો. મેન્યુફેક્ચર પ્રોડક્ટ્સમાં જથ્થાબંધ ફુગાવો ફેબ્રુઆરીમાં વધીને 2.92 ટકા થયો હતો, જે અગાઉના મહિનામાં 2.86 ટકા હતો. નોન-ફૂડ બાસ્કેટમાં ફુગાવો જાન્યુઆરીમાં 7.58 ટકાથી વધીને ફેબ્રુઆરીમાં 8.80 ટકા થયો હતો. ઈંધણ અને પાવર બાસ્કેટમાં જથ્થાબંધ ફુગાવો વાર્ષિક ધોરણે નકારાત્મક રહ્યો હતો. ફેબ્રુઆરીમાં તે -3.78 ટકા હતો, જે જાન્યુઆરીમાં -4.01 ટકા હતો.

જથ્થાબંધ ભાવ સૂચકાંક (WPI) આધારિત ફુગાવામાં આ સતત ચોથા મહિને વધારો જોવા મળ્યો છે. ગત વર્ષે જાન્યુઆરીમાં તે 1.81 ટકા અને ફેબ્રુઆરીમાં 2.45 ટકા હતો. અર્થશાસ્ત્રીઓએ જણાવ્યું હતું કે જો તેલના ભાવમાં વધારો ચાલુ રહેશે, તો WPI ફુગાવો વધુ ઝડપ પકડી શકે છે. આ વધારો અન્ય ચીજવસ્તુઓ પર પણ અસર કરી શકે છે, કારણ કે CPI બાસ્કેટની સરખામણીમાં તે આંતરરાષ્ટ્રીય ભાવને વધુ નજીકથી અનુસરે છે. WPIના ડેટા મુજબ, ખાદ્ય ચીજવસ્તુઓમાં ફુગાવો ફેબ્રુઆરીમાં 2.19 ટકા રહ્યો હતો, જે અગાઉના મહિને 1.55 ટકા હતો.

યુદ્ધની આગમાં અબજોપતિઓની સંપત્તિ સ્વાહા

ઝુકરબર્ગ અને આર્નોલ્ટને સૌથી મોટો ફટકો

નવી દિલ્હી, તા. 16: અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ ચાલુ છે અને તેનાથી વધેલા વૈશ્વિક તણાવની અસર વિશ્વભરના શેરબજારોમાં ઘટાડા સ્વરૂપે જોવા મળી છે. માર્કેટ તૂટવાને કારણે દિગ્ગજ કંપનીઓના શેર ગગડ્યા, તો વિશ્વના ટોપ-10 અબજોપતિઓની સંપત્તિમાં પણ ઘટાડો થયો છે. છેલ્લા 24 કલાકની વાત કરીએ તો, ઈલોન મસ્કથી લઈને જેફ બેઝોસ સુધી અને માર્ક ઝુકરબર્ગથી લઈને બર્નાર્ડ આર્નોલ્ટ સુધીના તમામ અબજોપતિઓને મોટું નુકસાન વેઠવું પડ્યું છે.

બ્લૂમબર્ગ બિલિયોનર્સ ઈન્ડેક્સ પર અપડેટ થયેલ ટોપ-10 બિલિયોનર્સની સંપત્તિ પર નજર કરીએ તો આ યાદીમાં સામેલ બે અબજોપતિઓને સૌથી મોટો ફટકો પડ્યો છે. પહેલું નામ માર્ક ઝુકરબર્ગનું છે, જેમની સંપત્તિ 8.49 અબજ ડોલર ઘટીને 217 અબજ ડોલર રહી ગઈ છે. વિશ્વના પાંચમા સૌથી ધનિક વ્યક્તિ ઝુકરબર્ગને આ વર્ષે અત્યાર સુધીમાં 16 અબજ ડોલરનું નુકસાન થયું છે.

ટોપ-10 બિલિયોનર્સ લિસ્ટમાં સામેલ ફ્રેન્ચ અબજોપતિ બર્નાર્ડ આર્નોલ્ટને આ વર્ષ 2026માં અત્યાર સુધીમાં મોટું નુકસાન થયું છે અને તેમની 53.1 અબજ ડોલરની સંપત્તિ સ્વાહા થઈ ગઈ છે. છેલ્લા 24 કલાકમાં તેમની સંપત્તિ 7.57 અબજ ડોલરના ઘટાડા સાથે ઘટીને 155 અબજ ડોલર પર આવી ગઈ છે.

વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ અને ટેસ્લા-સ્પેસએક્સ જેવી કંપનીઓના માલિક ઈલોન મસ્કને પણ નુકસાન થયું છે અને તેમની સંપત્તિ 2.73 અબજ ડોલર